# ડીસાના ટેટોડા ખાતે નવનિર્મિત ગૌ હોસ્પિટલનું મુખ્યમંત્રી દ્વારા લોકાર્પણ

## ૧.૫૦ કરોડથી નિર્માણ પામેલ ગૌ હોસ્પિટલ અબોલ પશુઓ માટે આશીર્વાદરૂપ બનશે : વિજયભાઈ રૂપાણી

ડીસા, તા. ૮

બનાસકાંઠા જિલ્લાના ડીસા તાલુકાના ટેટોટા ખાતે આવેલ શ્રી રાજારામ ગૌશાળા દ્વારા નવનિર્મિત ગૌ હોસ્પિટલનુ આજે ગુરુવારે મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીના હસ્તે લોકાર્પણ કરાયું હતું. પાલનપુર ગૌસેવા સમિતિના સહયોગથી રૂ. ૧.૫૦ કરોડના ખર્ચથી નિર્માણ પામેલ આ ગૌ હોસ્પિટલ અબોલ પશુઓ માટે આશીર્વાદરૂપ સાબિત થશે. આ ગૌ હોસ્પિટલમાં ગાયોની સારવાર માટે આઇ.સી.યુ., કેન્સર, ઓર્થોપેડીક વિભાગ અને બિમાર ગાયો માટે અલગ વિભાગ તથા એ.સી. વોર્ડની સાથે અધતન સારવાર મળી રહે તેવી સુવિધા ઉપલબ્ધ બનાવાઈ છે. ગાયોના ખાણ-દાણ માટે પણ અલગ વિભાગ બનાવાયો છે.

ડીસા-ધાનેરા રોડ ઉપર આવેલ શ્રી રાજારામ ગૌશાળા-ટેટોડાની સ્થાપના ૨૦ ઓગષ્ટ ૧૯૯૯માં કરવામાં આવેલી છે. છેલ્લા ૧૮ વર્ષથી આશ્રમમાં જુદી જુદી પ્રવૃત્તિઓ સાથે કુલ-૨૫૦ માણસોનો સ્ટાફ ગૌસેવાનું કામ કરી રહ્યો છે. અંદાજીત ૩૦૦ એકર વિસ્તારમાં ફેલાયેલી આ ગૌ શાળામાં કુલ-૫,૩૦૦ જેટલી ગાયો છે. જેમાંથી ૧,૨૦૦ જેટલી ગાયો બિમાર અને અશક્ત છે. નાના વાછરડા, બિમાર ગાયો અને તંદુરસ્ત ગાયો માટે અલગ અલગ વિભાગ રાખવામાં આવેલા છે. આ ગૌશાળાની મુખ્ય પ્રવત્તિ ગૌ સેવા અને ગૌ સંવર્ધન છે. કાંકરેજી સાંઢ (નદી) દ્વારા કુદરતી રીતે ગૌસંવર્ધન કરી નવી ઓલાદ સુધારણા પણ કરવામાં આવે છે. વાછરડાઓને પુરક પોષણ આપી તેમને ઉછેરવામાં આવે છે. બિનવારસી ગાય, સાંઢ (નંદી)ઓનું પણ જતન કરવામાં આવે છે. જે પણ ગાયો આ આશ્રમમાં આવે છે તેમની સેવા ચાકરી કરી તંદુરસ્તી માટે પુરતી કાળજી લેવામાં આવે છે. દર વર્ષે ૫૦૦ જેટલી દૂઝણી ગાયો જરૂરીયાતમંદ લોકો અને આજુબાજુ ગામના ખેડૂતો અહીંથી લઈ જાય છે.

ગાયોમાં થતાં જન્મજાત રોગ, ઉંમર પ્રમાણેની બિમારી કે કોઈ આકસ્મિક બિમારી આવી પડે તો એમના માટે આ સંકુલમાં ગૌ હોસ્પિટલની સરસ સુવિધા છે. અહીં ૪ પશુ ર્ડાકટરો સતત ૨૪ કલાક બિમાર ગાયોની દેખરેખ માટે હાજર હોય છે. તેઓ સંપૂર્ણ નિષ્ઠી અને પ્રમાણિકતાથી પોતાની ફરજ બજાવી બિમાર ગાયોનો ઈલાજ કરે છે. ગાયને કેન્સર, અપચો, તાવ, આફરો, ઈન્ફેકશન, અન્નનળીનો અવરોધન જેવા રોગોની સારવાર અપાય છે.

આ ગૌશાળામાં ગૌ એમ્બ્યુલન્સની સુવિધા છે. જેમાં એક પશુ ચિકીત્સક એમ્બ્યુલન્સ સાથે રહીને બિમાર ગાય પાસે પહોંચી પ્રાથમિક સારવાર આપી તેને હોસ્પિટલમાં લાવી તેની સારી રીતે સંભાળ રાખવામાં આવે છે. આ સિવાય આજુબાજુના વિસ્તારમાં અકસ્માતમાં ઘવાયેલ ગૌવંશને એમ્બ્યુલન્સ દ્વારા ગૌશાળાની ગૌ હોસ્પિટલમાં લાવી તેની સારી રીતે સારવાર આપવામાં આવે છે. આ વર્ષે રાજય સરકારે રૂ. ૩ કરોડની સહાય આ ગૌશાળા આપી છે.



આ લોકાર્પણ પ્રસંગે ઉઅપસ્થિત ગુજરાતના સવેદનશીલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ જણાવ્યું હતું કે ગત વર્ષે બનાસકાંઠા જિલ્લામાં અછત જાહેર થતાં શ્રી રાજારામ ગૌશાળાને ગાયોના નિભાવ અને ઘાસચારા માટે ગાયદીઠ રૂ. ૩૫/- પ્રમાણે રાજય સરકારે રૂ. ૩ કરોડની સહાય આપી છે. આ વર્ષે પણ બનાસકાંઠા જિલ્લામાં વરસાદ ઓછો હોઈ સુજલામ સુફલામ નહેર દ્વારા દરેક તાલુકા અને ગામ ના તળાવો પાણીથી ભરી દેવા સે જેના લીધી પાણી તલ ઉચા આવશે ખેતી ના પાક અને પશુ ધન ને બચાવી શકાશે આજે યોજાયેલ આ લોકાર્પણ પર્સનગે સંસદ પરબતભાઈ પટેલ ડીસા ધારાસભ્ય શશીકાંત પંડ્યા બનાશડેરીના ચેરમેન શંકરભાઈ ચૌધરી ડીસા માર્કેટયાર્ડ ચેરમેન માવજીભાઈ દેસાઈ કેસાજી ઠાકોર કીર્તિસિંહ વાઘેલા જિલ્લા કલેક્ટર અને ગૌશાળાના રામરતનજી મહારાજ સહિતના અનેક રાજકીય આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આજે ધનવનતરી ગૌ હોસ્પિટલના લોકાર્પણ પ્રસંગે આ આશ્રમના મહંતશ્રી રતનમહારાજે જણાવ્યું કે દાતાઓ અને લોકોના અનુદાનથી ચાલતી. આ ગૌશાળાને આપણા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીની સરકારે આ વર્ષે રૂ. ૩ કરોડની સહાય આપી છે તેમણે કહ્યું કે અગાઉ પણ એકવાર રાજય સરકાર દ્વારા આ ગૌશાળાને અનુદાન મળ્યું હતું. તેમણે જણાવ્યું કે અહીં રોજની સરેરાશ ૧૦ જેટલી બિમાર અને ઘાયલ ગાયો સારવાર માટે એમ્બ્યુલન્સ મારફત લાવવામાં આવે છે. સારવાર દરમ્યાન ગાય મૃત્યુ પામે તેવા કિસ્સામાં જેસીબી મશીનથી ખાડો ખોદી શાસ્ત્રોક્ત વિધિથી તેની દફનવિધિ કરવામાં આવે છે.

# રાજય સરકારની સંકલ્પથી સિદ્ધિ સુધીની યશસ્વી સફર : મુખ્યમંત્રી

ડીસા નજીકના જુનાડીસા ગામે જૈન શ્રેષ્ઠીઓ દ્વારા આકાર પામનાર કોલેજના ખાતમુહૂર્ત પ્રસંગે પધારેલા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ સખાવતી દાતા પરિવારને બિરદાવી સરકાર શિક્ષણના વિકાસ માટે ખડેપગે રહેતી હોવાનું જણાવી



રાજ્ય સરકારની તમામ ક્ષેત્રે સંકલ્પથી સિદ્ધિ સુધીની યશસ્વી સફર લાક્ષણિક અદામાં વર્ણવી હતી.

કોમી એકતા માટે વખણાતાં ઐતિહાસિક જુનાડીસા ગામના જૈન પરિવારો ધંધાર્થે મેગા શહેરોમાં સ્થાઈ થયા છે પણ માદરે વતનનું ઋણ ચૂકવવા હરહંમેશ ખડેપગે રહે છે અને ગામના વિકાસમાં સહાયની સરવાણી વહાવે છે દૂર દેશાવર બેઠે ગામના બાળકોની ચિંતા કરી તેમને ઘર આંગણે કોલેજ સુધીનું શિક્ષણ મળી રહે તેવા ઉમદા હેતુથી તેમણે ચાલુ શૈક્ષણિક સત્રથી શ્રી ડીસા યુવક સંઘ મુંબઈના નેજા હેઠળ ઓસવાળ આર્ટસ અને કોમર્સ કોલેજ શરૂ કરી છે અને હવે તેનું આલીશાન અને અદ્યતન મકાન બનાવવાની હામ પણ ભીડી છે જે કોલેજના નામકરણ માટે સુધાબેન રજનીકાંત જીવરાજ મહેતા પરિવારે માતબર દાન આપ્યું છે જેના ખાત મુહૂર્ત પ્રસંગે પધારેલ મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીનું પ્રારંભે દબદબાભેર સન્માન કરવામાં આવ્યું હતું બાદમાં તેમણે ગામના પનોતા પુત્ર અને સખાવતી દાતા રજનીકાંત મહેતાનું કોલેજનો મંજૂરી પત્ર આપી સન્માન કર્યું હતું ત્યારબાદ હકડેઠઠ જનમેદનીને સંબોધતા મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણીએ તેમના ત્રણ વર્ષના શાશન દરમ્યાન રાજ્યે તમામ ક્ષેત્રે સંકલ્પથી સિદ્ધિ સુધીની સફર વર્ણવી શિક્ષણ પ્રેમી સરકારના પ્રયાસોથી ૧૦૦ ટકા નામાંકન, ડ્રોપ આઉટ રેશિયો ઘટ્યો હોવાનો દાવો કરી હવે સરકાર રિસર્ચ કરનાર (પી.એચ.ડી.) કરનાર વિદ્યાર્થીઓને દર મહિને રૂ.૧૫૦૦૦ સ્ટાઈપન્ડ આપશે.



**ધનસુરા એસ.ટી. કંટ્રોલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો**

અરવલ્લી જિલ્લાના સૌથી મોટા કંટ્રોલ પોઈન્ટ ધનસુરા બસસ્ટેન્ડ ખાતે ગુજરાત રા. માર્ગ વાહન વ્યવહાર નિગમના સેન્ટ્રલ લાઈન ચેકીંગમાં ટ્રાફિક ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતા આઈ.જી. પાંડે તેમજ રામજી મંદિરના મહંત પુરણ શરણદાસજી મહારાજ અને ધનસુરા ગ્રા.પં.ના સરપંચ યશવંતભાઈ પટેલ તથા ફોરેસ્ટર ભરતભાઈ રાવલ સાથે અન્ય વૃક્ષપ્રેમીઓએ ૭૦મા વન મહોત્સવ નિમિત્તે વૃક્ષારોપણ કર્યુ હતુ.

# અરવલ્લી પોલીસવડા કચેરીએ પત્ની માતાનો આત્મ વિલોપનનો પ્રયાસ

## વારેણાના યુવકના શંકાસ્પદ મોતમાં ન્યાયની માંગ

મોડાસા, તા. ૮

અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના વારેણા ગામનો ૨૮ વર્ષીય યુવક વનરાજસિંહ ચંદુસિંહ પરમાર ઘરેથી કામકાજ અર્થે




નીકળ્યા પછી જાન્યુઆરી મહિનામાં શંકાસ્પદ હાલતમાં નદીમાંથી મૃતદેહ મળી આવ્યો હતો. પરિવારજનોએ જે તે સમયે યુવકની ઠંડા કલેજે હત્યા કરવામાં આવી હોવાની રજુઆત કરી હતી. આ ઘટનાને ૭ મહિના થવા છતાં મૃતક યુવકની પત્ની અને માતાએ બાયડ પોલીસે આરોપીઓ સામે કાર્યવાહી કરવાને બદલે મામલો દબાઈ દીધો હોવાના આક્ષેપ કરી ગુરુવારે ન્યાયની માંગ સાથે જીલ્લા પોલીસ અધિક્ષક ખાતે પરિવારજનો સાથે પહોંચી યુવકની પત્ની-માતા આતમવિલોપનનો પ્રયાસ કરે તે પહેલા જીલ્લા પોલીસવડા કચેરીએ ઉપસ્થિત પોલીસે બંનેની અન્ય પરિવારજનો સાથે અટકાયત કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

વરેણા ગામનો ૨૮ વર્ષીય યુવક વનરાજસિંહ ચંદુસિંહ પરમારના શંકાસ્પદ મોત અંગે ન્યાયની તપાસની માંગ સાથે પરિવારજનો અને ગ્રામજનોએ જીલ્લા કલેકટરને આવેદનપત્ર આપ્યું હતું તેમ છતાં પરિવારજનોને ન્યાય નહિ મળ્યો હોવાની માંગ સાથે જીલ્લા પોલીસવડા કચેરી ખાતે મૃતક યુવકની પત્ની અને માતા શરીરે કેરોસીન છાંટી આત્મવિલોપન કરવા પહોંચતા પોલીસને આગોતરી જાણ હોવાથી મૃતક યુવકની પત્ની-માતાની અટકાયત કરી આત્મવિલોપનનો પ્રયાસ નિષ્ફળ બનાવ્યો હતો. પોલીસવડા કચેરી ખાતે મોટી સંખ્યામાં પોલીસ કાફલો ખડકી દેતા પોલીસવડા કચેરી કિલ્લેબંધીમાં ફેરવાઈ હતી.

ગુરુવારે વારેણાના વનરાજસિંહ ચંદુસિંહ પરમાર પરમારની પત્ની-માતા અને પરિવારજનો મોટી સંખ્યામાં જીલ્લા પોલીસવડા કચેરી બહાર પહોંચી "અમારે ન્યાય જોઈએ" અને પોલીસ પૈસા ખાઈ ગઈ હોવાનો સૂત્રોચ્ચાર કરતા અને બૂમો પાડતા જીલ્લા સેવાસદન કચેરી ખાતે હાઈ વોલ્ટેજ ડ્રામા સર્જાયો હતો. જોગાનું જોગ વારેણાના યુવકની જાન્યુઆરી મહિનામાં લાશ મળી ત્યારે બાયડ પીએસઆઈ તરીકે બુધવારે રાત્રે ગાંધીનગર એસીબી ટ્રેપમાં ફરાર મોડાસા ટાઉન પીએસઆઈ કે.ડી. બ્રહ્મભટ્ટ ચાર્જમાં હોવાથી પરિવારજનોએ લાખ્ખો રૂપિયા ખાઈ ગયો હોવાનો જાહેરમાં આક્રોશ સાથે આક્ષેપ કરી પીએસઆઈ કે.ડી. બ્રહ્મભટ્ટના નામે છાજીયા લેતા આત્મવિલોપન નિષ્ફળ બનાવવા ઉભેલ મોડાસા ટાઉન પોલીસ અને એસઓજી પોલીસમાં સોપો પડી ગયો હતો.







**ચુંદડીવાળા માતાજીના આશ્રમમાં માતાજીનો જન્મ દિવસ ધામધૂમથી ઉજવાયો**

ગુજરાતના લોકપ્રિય શક્તિપીઠ અંબાજી નજીક આવેલા ગબ્બર પર્વતના પહાડોમા રહેતા ચૂંદડીવાળા માતાજીનો આશ્રમ વષોથી અહી આવેલો છે આજે ચુંદડીવાળા માતાજીનો ૯૧મો જન્મ દિવસ હોઈ ભક્તો મોટી સંખ્યામાં માતાજીના આશ્રમ ઉપર આવ્યા હતા અહી નવચંડી યજ્ઞનું પણ આયોજન કરવામાં આવ્યું હતું સાથે મંદિરને શણગારવામાં આવ્યું હતું. અંબાજી પાસે વર્ષોથી પહાડોમા વસવાટ કરતા ચુંદડીવાળા માતાજી અન્ન, જળ વિના જીવી રહ્યા છે આજે માતાજીનો ૯૧મો જન્મ દિવસ હોઈ ચુંદડીવાળા માતાજી અંબાજી મંદિર ખાતે માતાજીના દર્શન કરવા આવ્યા હતા ત્યારબાદ તેમના આશ્રમમા આદિવાસી સમાજના લોકો તરફથી ઢોલના તાલે લોકો ઝૂમ્યા હતા ત્યારબાદ માતાજીની આરતી પણ કરવામાં આવી હતી, માતાજીના આશ્રમમા કેક કાપી જન્મદિવસ ઉજવવામાં આવ્યો હતો.

# ગુરૂ ગ્રંથ સાહેબની પાલખી યાત્રા પસાર થવાના થોડા કલાકો પહેલા શામળાજી પોલીસે કાર ચાલકને પિસ્તોલ સાથે દબોચ્યો


શામળાજી, તા. ૮

શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ પર રાજસ્થાન તરફથી આવતા વાહનોનું સઘન ચેકીંગ



હાથ ધરી ગેરકાયદેસર પ્રવૃતીઓ અટકાવવા રાઉન્ડ ધી કલોક પેટ્રોલિંગ હાથધરતા રતનપુર ચેકપોસ્ટ નજીક અણસોલ ગામની સીમમાંથી એસ-ક્રોસ કારમાંથી પિસ્તોલ સાથે એક શખ્સને ઝડપી જેલના સળિયા પાછળ ધકેલી દઈ શામળાજી પોલીસે ગેરકાયદેસર હથિયાર સપ્લાય કરનાર ઈંદોરના અશ્વિન નામના શખ્શને ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

શીખધર્મના પ્રથમ ગુરૂ શ્રી ગુરુનાનક દેવજીની ૫૫૦ વર્ષની ઉજવણીના ભાગરૂપે ધાર્મિકયાત્રાનો મોટો કાફલો ગુરૂ ગ્રંથ સાહેબની પાલખી સાથે ગુરુવારે સવારે ૧૧:૩૦ કલાકે રાજસ્થાનમાંથી શામળાજી રોડ મારફતે ગુજરાતમાં પ્રવેશવાનો હતો તેના થોડા કલાક અગાઉ શામળાજી પોલીસે રતનપુર ચેકપોસ્ટ નજીકથી ઈંદોરના રજિન્દરસિંહ પ્રીતમસિંહ શીખને એસ-કાર ક્રોસ માંથી દબોચી લેતા અનેક તર્ક વિતર્ક સર્જાયા છે.



બુધવારે મોડી રાત્રે શામળાજી પોલીસ સ્ટેશનના પી.એસ.આઈ સંજય શર્મા અને તેમની ટીમે અણસોલ ગામની સીમમાં વાહનોનું સઘન ચેકીંગ હાથ ધરી પુરઝડપે રતનપુર ચેકપોસ્ટ તરફથી આવતી એસ-ક્રોસ કાર (ગાડી.નં-એમપી.૦૯.સીયુ.૭૧૦૭) ને અટકાવતા કાર ચાલકની તલાસી લેતા કાર ચાલક રજિન્દરસિંહ પ્રીતમસિંહ શીખ (રહે,૭૨ અમીતેશ નગર સબ્જી મંડી નજીક, ઈન્દોર એમ.પી) પાસેથી દેશી હાથ બનાવટની પિસ્તોલ મળી આવતા શામળાજી પોલીસે અટકાયત કરી દેશી બનાવટ પિસ્તોલ નંગ-૧ કીં. રૂ.૧૫૦૦૦ તથા મોબાઈલ નંગ-૧ અને કારની કીં. રૂ.૪૧૬૦૦૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડી પૂછ પરછ કરતા પિસ્તોલ ઈંદોરના અશ્વિન નામના શખ્સે આપી હોવાનું જણાવતા શામળાજી પોલીસે રજિન્દરસિંહ પ્રીતમસિંહ શીખ અને અશ્વિન નામના શખ્સ વિરુદ્ધ આર્મ્સ એક્ટ કલમ-૨૫(૧-બી) એ તથા ઈપીકો કલમ-૧૧૪ તથા જીપી એક્ટ કલમ-૧૩૫ મુજબ ગુન્હો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી.

## અમદાવાદ- પાલનપુર વચ્ચે ટ્રેનમાં રેલવે સુરક્ષા દળના જવાનના સ્વાંગમાં શખ્સ ઝડપાયો

પાલનપુર આરપીએફ પોલીસની ટીમને રેલવે સુરક્ષા દળની વર્દી પહેરી વિકલાંગ કોચમાં યાત્રીકો પાસેથી નાણાં પડાવતાં એક શખ્સને ઝડપી લીધો હતો. આ અંગે પાલનપુર આરપીએફ પીઆઈ નિતિનકુમાર ગુર્જરે જણાવ્યું હતુ કે, અમદાવાદથી ઉપડેલી અમરાપુર-અરાવલી એક્ષપ્રેસ (૧૯૭૦૭) ટ્રેનમાં ગુરૂવારે પાલનપુર આરપીએફના હે. કો. નરેશ ચૌધરી અને દયાનંદ ગોઠવાલને પાલનપુર સુધીની સ્કોર્ટિંગ પાર્ટીની ડ્યુટી આપવામાં આવી હતી. આ ટ્રેન સાબરમતી રેલવે સ્ટેશનેથી રવાના થઈ ત્યારે ટ્રેનમાં મુસાફરી કરી રહેલા કાળી ટીશર્ટ, ખાખી પેન્ટ અને કાળા બુટ પહેરેલા શખ્સ ઉપર શંકા ગઈ હતી. આથી તેના ઉપર નજર રાખવામાં આવી હતી. દરમિયાન ટ્રેન કલોલ સ્ટેશને પહોચી ત્યારે આ શખ્સ રેલવે સુરક્ષા દળની વર્દીમાં બિલ્લા સાથે જોવા મળ્યો હતો. જે આગળના જનરલ અને વિકલાંગ કોચમાં યાત્રિકો પાસેથી ટિકીટ અને વિકલાંગ પાસના નામે નાણાં પડાવતો હોઈ તેને ઝડપી લેવામાં આવ્યો હતો.

# માલપુરના ગ્રામ્ય વિસ્તારમાં પ્રેમમાં પાગલ યુવકે માનસિક સંતુલન ગુમાવતા પ્રેમિકાના ઘરે આતંક

મોડાસા, તા. ૮

માલપુર તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પ્રેમ પ્રકરણમાં યુવતીએ પ્રેમ પ્રકરણનો અંત લાવી દેતા એક



યુવકે માનસિક સંતુલન ગુમાવતા યુવતીના ઘરે જઈ દંગલ મચાવતા યુવતી અને યુવતીના પરિવારજનોએ ૧૮૧ અભયમ હેલ્પલાઈનની મદદ લીધી હતી. ૧૮૧ અભયમની ટીમ તાબડતોડ યુવતીના ઘરે પહોંચી પ્રેમના નશામાં પાગલ બનેલા યુવકને સમજાવવાનો પ્રયત્ન કર્યો હતો તેમ છતાં પ્રેમી યુવક યુવતીને મેળવવાની જીદ યથાવત રાખતા યુવકને ઝડપી પાડી માલપુર પોલીસ સ્ટેશનમાં સુપ્રત કરાતા માલપુર પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

પ્રેમમાં નિષ્ફળતા મળતા અનેક પ્રેમીઓએ આત્મહત્યા કરી લીધી છે. પ્રેમનું પાગલપન ક્યારેક માણસને હેવાન બનાવી દેતા હત્યા અને નરસંહાર સુધીની અનેક ઘટનાઓ બહાર આવી છે.

માલપુર તાલુકાના એક ગ્રામ્ય વિસ્તારમાં પ્રેમ પ્રકરણમાં પ્રેમિકાએ પ્રેમનો અંત આણી દેતા પ્રેમી યુવક હતાશામાં ગરકાવ થવાની સાથે માનસિક સંતુલન ગુમાવી દેતા યુવતીની ગામના જાહેર રસ્તા પર માર મારતા યુવતી યુવકથી બચી ઘરે પહોંચતા પ્રેમમાં ભાન ભૂલેલા યુવકે યુવતીના ઘરે જઈ ગાળાગાળી કરી બૂમો પાડતા આતંક મચાવતા યુવતી અને તેના પરિવારજનો ફફડી ઉઠ્યા હતા. યુવતીના અન્ય જગ્યાએ લગ્ન કરવામાં પણ વિઘ્ન સર્જાતો હોવાથી પ્રેમી યુગલના અસહ્ય બનેલ ત્રાસથી તોબા પોકારી ઉઠતા ૧૮૧ અભયમ હેલ્પલાઈનની મદદ લેતા ૧૮૧ અભયમની ટીમ યુવતીના ઘરે પહોંચી પ્રેમી યુવકને સમજાવવાનો પ્રયત્ન કરતાં પ્રેમમાં પાગલ યુવક સમજવા તૈયાર ન થતા અને યુવતીએ પ્રેમમાં દગો દીધો હોવાનું રટણ ચાલુ રાખતા ૧૮૧ અભયમની ટીમે કાયદાનો ડર બતાવતા યુવક ન માનતા યુવકને માલપુર પોલીસ સ્ટેશનમાં સુપ્રત કર્યો હતો.

## છાપીની યુવતીએ ત્રાસથી આપઘાત કર્યો હોવાનો પરિવારજનોનો આક્ષેપ

વડગામ તાલુકાના છાપી ગામની એક યુવતીએ એક સપ્તાહ પહેલા આપઘાત કરી જીવન લીલા સંકેલી હતી. આ ઘટનામાં કોઈ વ્યકિતના માનસીક અને શારીરીક ત્રાસથી આ પગલુ ભર્યુ હોવાનું પરીવારને જાણ થતા હિન્દુ સંગઠનના સાથે રહી મંગળવારે જિલ્લા પોલીસ વડાને આવેદન પત્ર આપી ન્યાયની માંગણી કરી હતી.

વડગમના છાપી ખાતે આવેલ પાકિઝા નમકીનની ફેક્ટરીમાં મમતા દરજી નામની ૨૦વર્ષીય યુવતી કામ અર્થે જતી હતી. જેને અઠવાડિયા પહેલા ફેક્ટરીમાં ઝેરી દવા ગટગટાવી મોતને વ્હાલું કર્યુ હતું. જે બાદ પરિવારે છાપી પોલીસ મથકે ફરિયાદ આપી યોગ્ય દિશામાં તપાસ થાય તે માટેની અરજ કરી હતી. જોકે, છાપી પોલીસની તપાસમાં યોગ્ય ન્યાય ન મળતા આ બાબતે યુવતીના પરીવારે પાલનપુરના હિન્દુ સંગઠનને જાણ કરી મંગળવારે હિન્દુ સંગઠન સાથે જિલ્લા પોલીસ વડાને આવેદન પત્ર આપી ન્યાયની માગણી કરી હતી.